જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૨/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૯૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૨૧૦ લીટર દેશી દારૂ, ૬૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪૧ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૦૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૯૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૯૨/૨૦૨૬**

સેટેલાઈટઃ પ્રદીપભાઇ રમેશચંદ્ર નાયક (ઉ.વ.૫૯)(રહે.આડત્રીસ નિહારીકા બંગ્લોઝ હીમ્મતલાલ પાર્ક સામે આંબાવાડી) એ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૨/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે અજાણ્યા મોબાઇલ નંબર ૮૯૪૫૫૭૬૪૦૨ તથા ઇ–મેઇલ આઇ.ડી. cardsupport@hsbccard.co ના વપરાશ કર્તાએ પ્રદીપભાઇ નાયકને “એચ.એસ.બી.સી.” બેંકના અધિકારી તરીકે પોતાની ખોટી ઓળખ આપી, ક્રેડીટકાર્ડની પાત્રતાની ચકાસણી કરવાનુ કહી, તેના માટે cardsupport@hsbccard.co ઇમેઇલ એડ્રેસ ઉપરથી પ્રદીપભાઇના ઇ–મેઇલ ઉપર ખોટી લીંક મોકલી વીડીયો કોલ મારફતે પ્રદીપભાઇ નાયકના એ.યુ.સ્મોલ ફાયનાન્સના ક્રેડીટકાર્ડ નંબરની વિગત મેળવી લઇ, તેમાથી રૂપિયા ૧,૧૦,૨૧૭/– તથા ૧,૨૭,૯૮૦/– ના બે જુદા–જુદા ટ્રાન્જેકશનો કરી કુલ રૂપિયા ૨,૩૮,૧૯૭/– મેળવી લઇ પ્રદીપભાઇ નાયક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચૌધરી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૨૯૩/૨૦૨૬**

સાબરમતીઃ આશીષકુમાર સ/ઓ પ્રદીપકુમાર મહેશ્વરી (ઉ.વ.૪૨)(રહે.દેવભુમીનગર સોસાયટી, વિભાગ–૨, ગીરી સોસાયટીની બાજુમાં ડી–કેબીન સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૨/૨૦૨૬ રાતના ૨૨/૪૫ થી તા.૨૬/૦૨/૨૦૨૬ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન સાબરમતી રામનગર ૨૪ કેરેટ કોમ્પલેક્ષ “ન્યુ એજ ઇન્ફોટેક સોલ્યુશન નામની આશીષકુમારની દુકાનની કાચની બારીની સ્લાઇડ ખોલી, અજાણી વ્યક્તિ બારીનુ શટર ખોલી દુકાનમાં પ્રવેશ કરી, કાઉન્ટર ઉપર તથા ટેબલના ખાનામાં મુકેલ આશીષકુમારના તથા તેમના કસ્ટમરના રીપેરીંગમા આવેલ અલગ–અલગ કંપનીના મોબાઇલ નંગ–૧૨ કુલ કિમત રૂપિયા ૧,૦૯,૦૦૦/– મતાના ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૨૯૪/૨૦૨૬**

કારંજઃ રેખાબહેન વા/ઓ સુખદેવભાઈ દત્ત (ઉ.વ.૫૩)(રહે.ઉદય એપાર્ટમેન્ટ શાસ્ત્રીનગર નારણપુરા) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૨/૨૦૨૬ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે કારંજ બહુચરમાતાના મંદીર આગળ રેખાબહેનની નજર ચુકવી તેમના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૩૫,૦૦૦/– કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી યુવરાજસિંહ નટવરસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૯૫/૨૦૨૬**

ઘાટલોડીયાઃ રાજેશભાઈ વેલજીભાઈ મોદી (ઉ.વ.૪૭)(રહે.અર્જુન એક્ઝોટીકા, અર્જુન ટાવર નજીક ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૬ ના રોજ પોતાના ઘરે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૨/૨૦૨૬ સવારના ૬/૨૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ ગોપાલભાઇ ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ સ્નેહાબહેન ડો/ઓ રમણાભાઇ દરજી (ઉ.વ.૨૬) (રહે.સેકટર–૦૪, ચાણકયપુરી ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૨૦૨૬ સાંજના ૭/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સાયોના હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૨/૨૦૨૬ બપોરના ૧/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

નારોલઃ બાબુરામ સુનકર ખટીક (ઉ.વ.૩૬)(રહે.મહાકાળી સોસાયટી, શક્તિનગર રોડ, અંબિકા કંપની સામે પટેલવાસની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૬ ના કલાક ૦૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે રૂમમા પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરશીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી